# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૧

-: અખબારી યાદી :-

# તા. ૩૦/૧૧/૨૦૨૧ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના બે કર્મચારીઓને નિવૃત્તિ વિદાયમાન આપતા મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા

<u>ગાર્ડન એન્ડ પાર્ક્સ શાખાના ગાર્ડનર અને ફાયર એન્ડ ઇમરજન્સી શાખાના ડ્રાઈવર મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા નિવૃત્તિ વિદાયમાન અપાયું: નિવૃત્તિના દિવસે જ હક્ક રજાનું રોકડમાં રૂપાંતર અને પી.એફ, ના પૈસા જમા કરી આપેલ: ડિસેમ્બર-૨૦૨૧થી જ પેન્શન ચાલુ થઇ જશે</u>

તા. ૦૧-૧૨-૨૦૨૧

રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનર શ્રી અમિત અરોરાએ વહીવટી તંત્રના હાથ-પગ સમા અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓને નિવૃત્તિના દિવસે જ પી.એફ. તેમજ જમા થયેલી હક્ક રજાનું રોકડમાં રૂપાંતર જેવા લાભો મળી જાય તે પ્રકારની પ્રણાલી અપનાવેલ છે, જેમાં ગઈકાલ તા. ૩૦-૧૧-૨૦૨૧ના રોજ રાજકોટ મહાનગરપાલિકાના બે કમર્ચારીઓ નિવૃત થતા મ્યુનિ. કમિશનરશ્રીએ વિદાયમાન આપ્યું હતું.

ગઈકાલે પુરા થયેલા નવેમ્બર-૨૦૨૧નાં છેલ્લા દિવસે નિવૃત્ત થયેલ સ્ટાફમાં ગાર્ડન એન્ડ પાર્ક્સ શાખાના ગાર્ડનર શ્રી કાન્તીભાઈ સવજીભાઈ ચાવડા અને ફાયર એન્ડ ઇમરજન્સી શાખાના ડ્રાઈવર શ્રી બીપીનભાઈ કેશુભાઈ ડોડીયાનો સમાવેશ થાય છે.

ગઈકાલે તા. ૩૦-૧૧-૨૦૨૧ ના રોજ સાંજે ૬.૩૦ કલાકે રાજકોટ મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન સ્થિત કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલા નિવૃત્તિ વિદાય સન્માન સમારોહમાં મ્યુનિ. કમિશનર શ્રી અમિત અરોરાના વરદ હસ્તે કર્મચારીઓને મોમેન્ટો તેમજ સન્માન પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં તેમજ કર્મચારીઓના પી.એફ. અને હક્ક રજાના રોકડમાં રૂપાંતર અંગેના ચુકવણીના હુકમો તથા પી.પી.ઓ. બુકની નકલ પણ આપવામાં આવેલ હતી.

આ અવસરે કમિશનરશ્રીએ તેમના વક્તવ્યમાં એમ કહ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાનાં હાથપગ સમા અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ તેમના જીવનનાં અતિ મહત્વના વર્ષો મહાનગરપાલિકાને આપે છે. નિવૃત્ત થયેલ મનપાનાં સદસ્યોએ તેમની જિંદગીનો મહત્વનો જે સમય મનપા અને રાજકોટને આપ્યો છે તે બદલ તંત્ર તેમનો આભાર વ્યક્ત કરે છે. બીજી મહત્વની બાબત એ છે કે, નિવૃત્ત થતા અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓને નિવૃત્તિના દિવસે જ પી.એફ. તેમજ જમા હક્ક રજા સહિતના લાભો મળી જાય એ સુનિશ્ચિત થાય એ પણ એટલું જ જરૂરી છે.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા